અપીલ અરજી નં.૩૩૬ તા.૧૭–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દિપેશ આર. વખારીયા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપેશ આર. વખારીયાની તા.૭–૧૨–૧૦ ની અરજીથી સુરતમહાનગરપાલિકા ધ્વારા નવું સિમાંકન કરાયા બાદ સાઉથ –ઈસ્ટઝોન ને લગતા વિસ્તારમાં કેટલી નવી સોસા.ઓને બાંધકામ માટેની મંજુરી મળી છે ,એન.એ. પાસ થઈ છે અને રજાચિઠ્ઠી મળી છે તેના નામ, સરનામા, પ્લાન અને રે.સ. નંબર આપો. વિગરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૬/૨૦૧૦–૧૧

શ્રી દિપેશ વખારીયાની તા.૭–૧૨–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા નવું સિમાંકન બાંધકામ કરાયા બાદ સાઉથ –ઈસ્ટઝોન ને લગતા વિસ્તારમાં કેટલી નવી સોસા.ઓને બાંધકામ માટેની મંજુરી મળી છે ,એન.એ. પાસ થઈ છે અને રજાચિઠ્ઠી મળી છે તેના નામ, સરનામા, પ્લાન અને રે.સ. નંબર આપો. વિગરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે આરટીઆઈની જોગવાઈઓનો ભંગ કર્યો હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દાઓમાં અરજદારે ધકકા ખવડાવવા, અરજી પાછી ખેંચવા, દબાણ લાવવા અને સુવાચ્ય અને પ્રમાણિત નકલો બાબતેની રજૂઆત કરેલ છે. જે અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૩ તા.૩૧–૧–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેઓને ધકકા ખવડાવવા, અરજી પરત ખેંચવા દબાણના આક્ષેપો અંગે કોઈ આધાર હોય તો તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૦૧ તા.૧–૨–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે રાજય માહિતી આયોગમાં કરેલ અપીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૦૧ તા.૧–૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૧ નો રજૂઆત કરતો પત્ર મળેલ છે.

અરજદારની તા.૭–૧૨–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા નવા સિમાંકન થયા બાદ લીંબાયતઝોનમાં નવી સોસા.ઓના બાંધકામની વિગતો માંગતી અરજી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૦૦ તા.૧–૨–૧૧ થી સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા નવું સિમાંકન બાંધકામ કરાયા બાદ સાઉથ –ઈસ્ટઝોન ને લગતા વિસ્તારમાં કેટલી નવી સોસા.ઓને બાંધકામ માટેની મંજુરી મળી છે ,એન.એ. પાસ થઈ છે અને રજાચિઠ્ઠી મળી છે તેના નામ, સરનામા, પ્લાન અને રે.સ. નંબર આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૮–૬–૧૦ થી નવા વોર્ડ સિમાંકન થયા બાદ મંજુર કરવામાં આવેલ સોસા.ઓનું લીસ્ટ પાના નંગ–૧ થી ૨ અનુક્રમ નં.૧ થી ૯ ની નામ અને સરનામું લોકેશન રજાચિઠ્ઠીનો આઉટવર્ડ નંબર અને તારીખ સહિતની સહી સિકકાવાળી નકલ અરજદારને પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. મુદા નં.(૨) તે પૈકી કેટલી સોસા.ઓનું બાંધકામ પૂર્ણ થયું છે બાંધકામ પૂર્ણ થયેલ સોસા. ના નામ સરનામા, બ્લોક નં.અને રેસીડન્સ સર્વે નંબર આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉકત પૈકીની કોઈ પણ સોસા.એ કોઈ કમ્પ્લીશન સર્ટીફીકેટ ઝોન કચેરીએ રજૂ કરેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) તે પૈકી કેટલી સોસા.ઓના બાંધકામ હાલ ચાલીરહયા છે તેવી સોસા. ઓના નામ સરનામા, બ્લોક નંબર અને રેસીડન્સ સર્વે નંબર આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીઆ પ્રકારનો કોઈ રેકર્ડ ઝોન કચેરીએ નિભાવવામાં આવતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) નવું સિમાંકન કરાયા બાદ સાઉથ ઈસ્ટઝોનને લાગતા વિસ્તારમાં જે જે સોસા.ઓને મંજુરી મળી હોય તે પૈકી કેટલી સોસા.ઓને કોમન પ્લોટ ,સી.ઓ.પી નવી ટીપી કે પછી કોઈ પણ પ્રકારના રોડમાં કપાતમાં આવતી હોય તેવા સોસા. ના નામ સરનામા, બ્લોક નં.અને રેસીડન્સ સર્વે નંબર આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવા વોર્ડ સિમાંકન પહેલેથી જ સુચિત ડ્રાફટ ટીપી સ્કીમ નવા વિસ્તારમાં અમલીકરણ થયેલ હોય જે તે સમયના પ્રવર્તમાન ટીપી સ્કીમ મુજબના ફાળવેલ પ્લોટ પ્રમાણે પ્લાન મંજુર કરવામાં આવેલ હોઈ તેથી તમારી અરજીમાં જણાવ્યા મુજબની પરિસ્થિતિ ઉદભવી શકે નહીં તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૭–૧–૧૧ ના સીધી બીજી અપીલ રાજય માહિતી આયોગ સેકટર–૧૮, ગાંધીનગરને કરવામાં આવેલ છે. જેની

એક નકલ  અત્રે રજૂ કરેલ છે. જેમાં અરજદારે અપીલમાં આરટીઆઈની તમામ જોગવાઈનો ભંગ કરેલ હોવાથી તેમજ વારંવાર ધકકા ખવડાવતા હોવાથી અને અન્ય ઈસમો ધ્વારા  અરજી પાછી ખેચી લેવાના દબાણ હોવાથી અપીલ અરજી કરેલ છે. જે બાબતે  અત્રેથી અરજદારને આરટીઆઈ સેલ/આ.નં.૧૨૪૩ તા.૩૧–૧–૧૧ રોજ ધકકા ખવડાવવા, અરજી પરત ખેંચવા દબાણના આક્ષેપો અંગે  કોઈ આધાર  હોય તો તે  રજૂ કરવા  પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારે આધાર નહીં રજૂ કરી ફકત તેમની રજૂઆતોમાં પૂરક અપીલમાં નં.(૧) અરજદારે ૩૦ દિવસની અંદર માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત સામે અરજદારને કાયદાકીય જોગવાઈઓ અનુસાર વિના મૂલ્યે  માહિતી પૂરી પાડવાની રહે છે. જે અંગે અરજદારને  વિના મૂલ્યે માહિતી પૂરી પાડેલ જણાય છે. (૨) અરજદારે ધકકા ખવડાવવા માટે બે કર્મચારીઓના નામ શ્રી ઢીમ્મર અને શ્રી જે એલ.ભટ્ટને અમે મળ્યા છીએ  છતાં માહિતી આપવાને બદલે ધકકા  ખવડાવ્યા  છે  તે બાબતે તેઓ પૂરી વિગત જેવી કે  તેમના હોદ્દા  અને ખાતા અને કઈ બાબતે  કેટલી વખત તેમને મળ્યા તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી કે કોઈ આધાર રજૂ કરેલ નથી. (૩) અરજી ખેંચી લેવાના દબાણ બાબતે પણ અરજદારે પરિવારના રક્ષણની લેખિત બાંહેધરી મળ્યેથી ધમકી અથવા દબાણ આપનારની વિગતો જણાવવા તૈયાર છીએ  તેવું જણાવેલ છે પરંતુ તે બાબતે કોઈ પોલીસ  ફરીયાદ કે આધાર રજૂ કરેલ નથી.  (૪) પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૩૮૦૦ તા.૧–૨–૧૧ થી અધૂરી અને મનગડત જવાબો આપી જોગવાઈનો અનાદર કર્યો છે   અને  પ્રમાણિત કર્યા વગરની સાચી કે ખોટી માહિતી  શંકાસ્પદ છે તે બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરી રેકર્ડ આધારીત બનાવેલ યાદીમાં સહી સિકકાવાળી નકલ અરજદારને  પૂરી પાડેલ છે. (૫) બાંધકામની મંજુરી આપી હોય તેવી સોસા.ના નામ સરનામાની માહિતી આપેલ નથી.  તે બાબતે દફતરી ઉપલબ્ધ સર્વે નંબર મુજબ નોંધાયેલ વિગતેની માહિતી પૂરી પાડેલ છે. (૬) બાંધકામ પૂર્ણ થયું હોય તેવી સોસા.ની વિગત આપી નથી જે બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.ર ના જવાબથી    કોઈ પણ સોસા.એ કમ્પ્લીશન સર્ટીફીકેટ રજૂ કરેલ નથી અર્થાત પૂર્ણ થયેલ સોસા.  કોઈ નથી . તેવું જણાવેલ છે. (૭) બાંધકામ ચાલુ હોય એવી સોસા.ની વિગત આપી નથી જે બાબતે જાહેર માહિતી અધિકારીએ    મુદ્દા નં.ર માં કોઈ પણ સોસા.એ  કોઈ પણ સોસા.એ કમ્પ્લીશન સર્ટીફીકેટ રજૂ કરેલ નથી. તથા આવો રેકર્ડ  અલાયદો  નિભાવતો નહીં હોવાનું જણાવેલ છે. (૮)ઈસ્ટ ઝોન વિસ્તારની સોસા.ઓ કપાતમાં હોય તેની માહિતી આપેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  નવા વોર્ડ સિમાંકન પહેલેથી જ  સુચિત ડ્રાફટ ટીપી સ્કીમ નવા વિસ્તારમાં અમલીકરણ થયેલ હોય  જે તે સમયના પ્રવર્તમાન ટીપી  સ્કીમ મુજબના ફાળવેલ પ્લોટ    પ્રમાણે પ્લાન મંજુર કરવામાં આવેલ હોઈ તેથી તમારી અરજીમાં જણાવ્યા મુજબની પરિસ્થિતિ ઉદ્‌ભવી શકે નહીં તેવું જણાવેલ છે. (૯) માંગેલ માહિતી સબંધિત રેકર્ડ ઉપલબ્ધ નથી અને નિભાવાતો નથી જે યોગ્ય નથી જે બાબતે  આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર(જે) હેઠળ  માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.  આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ અને હકીકતલક્ષી માહિતી વિલંબથી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે આરટીઆઈના કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. આ સિવાય અરજદારને આરટીઆઈના તમામ કાયદાનો ભંગ થયો હોય તેવી રજૂઆત કરેલ છે પરંતુ  કઈ બાબતે કયા કાયદાની કલમનો ભંગ થયો છે તેની કોઈ છણાવટ કરેલ નથી.

મુદ્દા નં.ર  ચાલુ બાંધકામ હોય તેવી  સોસા.ની  વિગતમાં  જાહેર માહિતી અધિકારી  એ તેવો દફતર  નહીં હોવાનું જણાવેલ છે પરંતુ આપેલ બાંધકામ  પરમીશન પછી  બીલ્ડીંગ  ઈન્સ્પેકટરની વખતો વખતની  તપાસણીની જોગવાઈ ધ્યાને   લેતાં  તેવું દફતર કે વિગતો હોવાનું  અનુમાનિત થાય જો તેવી મુલાકાત કે  તપાસણી ન હોય તો તેમ જણાવવું રહે છે.  સોસા.ના નામને સબંધ છે ત્યાં સુધી પ્લાન મંજુરીના કાગળો જે નામથી  હોય તે મુજબ  દફતરે હોવાનું અનુમાનિત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ છે. પરંતુ   ચાલુ બાંધકામ અંગે તેવો રેકર્ડ નહીં હોવાનું જણાવેલ છે. જયારે સોસા.ના  નામ અંગે  કોઈ પ્રકાશ  પાડેલ નથી જેને અનુલક્ષી સદર  બંને મુદ્દા અંગે  બાબત હેઠળના  દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને પૂરું પાડી તે પૈકી  માંગે તે માહિતી માત્ર ઉકત બે બાબત પૂરતી  વિના મૂલ્યે  અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા  સીટી  ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૨–૧૧

પ્રતિ,
(૧) સીટી  ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી દિપેશ  રોહિતભાઈ વખારીયા